સંકલીત સી–જીડીસીઆર–૨૦૧૭ ના ભાગ–૧, પ્રોસીઝર રેગ્યુલેશનમાં ફેરફાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ની કલમ–૧૨૨ હેઠળ નિર્દેશ આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**હુકમ ક્રમાંક:પરચ–૧૦૨૦૧૮–૫૦૬૮–લ**
**તા.૦૩.૦૯.૨૦૧૯**

મુખ્યસ્થ કચેરી
23 SEP 2019
ક્રમ નંબર 911113.85

**આમુખ :–**

DMC(CD)
CFO

તા.૨૪.૦૫.૨૦૧૯ના રોજ સુરત ખાતે આગની હોનારતના પરીપ્રેક્ષ્યમાં ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી માટેની પ્રવર્તમાન વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવા માટે અલગ અલગ હેતુઓના અલગ અલગ બાંધકામો માટે તા. ૧૫/૦૧/૨૦૧૯ ના જાહેરનામાંથી પ્રસિદ્ધ કરી અમલમાં લાવવામાં આવેલ પ્રવર્તમાન સંકલીત સીજીડીસીઆર–૨૦૧૭ના ભાગ–૧ પ્રોસીઝર રેગ્યુલેશનમાં શીડયુલ નં.૧૧માં દર્શાવેલ ટેબલમાં બાંધકામના ઉપયોગ સંદર્ભે ફાયર એન.ઓ.સી. માટે નિયત કરવામાં આવેલ માપદંડમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. આથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ– ૧૨૨ હેઠળ સંકલીત સીજીડીસીઆર–૨૦૧૭માં ફેરફાર કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

તા. ૧૫.૦૧.૨૦૧૯ના જાહેરનામાંથી પ્રસિદ્ધ કરી અમલમાં લાવવામાં આવેલ પ્રવર્તમાન સંકલીત સીજીડીસીઆર–૨૦૧૭ના ભાગ–૧ પ્રોસીઝર રેગ્યુલેશનમાં શીડયુલ નં.૧૧માં દર્શાવેલ ટેબલ નીચે મુજબ બદલવામાં આવે છે.

| Building Use | Criteria | Fire Protection Consultant | Chief Fire Officer's Opinion |
|---|---|---|---|
| Residential, Dharmshala | Building Height >15 mts | Required | Required |
| Mixed Use or Business | Building Height >15 mts or G+4 | Required | Required |

E:\OSD_UDD\Paripatra\Fire Final\CGDCR Paripatra.docx

Scanned by CamScanner

| Building Use | Criteria | Fire Protection Consultant | Chief Fire Officer's Opinion |
|---|---|---|---|
| Hospitality, Educational, Institutional, Health, hostel, Pre-School, Coaching class, Training center, Fitness center, Call centre, Community hall, Banquet hall, Town hall, Convention centre, Auditorium, Planetarium, Stadium, museum, Exhibition hall, Theatre, Cinema, Multiplex, Drive in cinema | Irrespective of area and height | Required | Required |
| Mercantile, Shopping centre, Corporate offices | Building Height > 9 mts or G+2 | Required | Required |
| Restaurant, Hotel, Motel | Irrespective of area and height | Required | Required |
| Storage Building, Wholesale market | B/up area > 250 sq.mt. | Required | Required |
| Light Industrial, General Industrial | B/up area > 250 sq.mt. | Required | Required |
| Hazardous, Special Industrial | B/up area > 100 sq.mt. | Required | Required |
| Temporary use, Fair, circus, exhibition, Mela, Pandal, Amusement park | B/up area > 50 sq.mt. or Seating capacity > 50 persons | Required | Required |

1. ઉપરોકત પત્રકમાં બિલ્ડીગ યુઝ (Building Use) હેઠળ દર્શાવેલ બાંધકામોના બી.યુ. પરમીશન લીધા પછી દર ૧૨ મહીનામાં એક વાર દરેક બાંધકામો માટે માલીક / કબ્જેદાર દ્વારા તેમની ઇમારતમાં નિયમ મુજબ ફાયર સેફટી માટે કરવાની થતી વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવેલ છે કે કેમ તે માટે "પરીશીષ્ટ–૧" માં દર્શાવેલ સેલ્ફ સર્ટીફીકેશન ફાયર કન્સલટન્ટ પાસેથી મેળવી બી.યુ. મંજુર કરનાર સતાધિકારી પાસે રજુ કરવાનું રહેશે. આ સેલ્ફ સર્ટીફીકેશન માટે માલીક / કબ્જેદાર દ્વારા નિમાયેલ ફાયર કન્સલટન્ટે બાંધકામની જાતે તપાસ કર્યા બાદ આપવાનું રહેશે અને નિયમ મુજબ ફાયર સેફટીની વ્યવસ્થામાં કોઇ ખામી જણાય તો તે માટે પ્રથમ માલીક/કબ્જેદારને દીન–૧૦માં ખામી દુર કરવા માટે જણાવવાનું રહેશે અને આવી જાણ કરવામાં આવી છે તેની નકલ સંબંધિત સત્તાધિકારીને આપવાની રહેશે. નિશ્ચીત સમયગાળો પુર્ણ થયા બાદ અગર માલીક / કબ્જેદાર કાર્યવાહી હાથ ના ધરે તો તે અંગેની જાણ જે તે સત્તાધિકારીને કરવાની રહેશે.
ઉપરોકત કાર્યવાહી મુજબ અગર માલીક/ કબ્જેદારે કોઇ કાર્યવાહી હાથ ધરવામાં નહી આવી હોય તો સત્તાધિકારી આવા બાંધકામને સીલ કરવા સહીતના યોગ્ય તે પગલા વ્યાજબી સમયગાળામાં હાથ ધરશે.

E:\OSD_UDD\Paripatra\Fire Final\CGDCR Paripatra.docx

Scanned by CamScanner

ઉપરોકત પત્રકમાં બિલ્ડીગ યુઝ(Building Use) હેઠળ દર્શાવેલ બાંધકામોમાં બી.યુ પરમીશન આપ્યા બાદ ગેરકાયદેસર બાંધકામ રોકવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/મુખ્ય કારોબારી અધિકારીશ્રી/મુખ્ય અધિકારીશ્રીઓ દ્વારા નિયત કરેલ અધિકારીઓએ બી.યુ. પરમીશન મેળવ્યા બાદ બાંધકામોમાં કોઇ પણ પ્રકારનુ ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય તે અંગે દિન-૩૦માં યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

2. ઉકત જોગવાઇઓનો અમલ ચુસ્તપણે હુકમની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.ડી.વાઘેલા)
ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**નકલ રવાનાઃ પ્રતિ,**

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, તમામ મહાનગરપાલિકા.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ.
- સર્વે કલેકટરશ્રીઓ/સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- કમિશ્નર ઓફ મ્યુનિસિપાલિટીઝ, ગાંધીનગર. (તમામ નગરપાલિકાઓને જાણ કરવા માટે)
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે સંયુકત/નાયબ સચિવશ્રી(શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.)
- સર્વે શાખાઓ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.
- લ-શાખા સિલેકટ ફાઇલ (૨૦૧૯)
- નાયબ સેકશન અધિકારીશ્રીની ફાઇલ- લ- શાખા (૨૦૧૯)

Scanned by CamScanner

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ એક્ટ ૨૦૧૩ ની કલમ- ૫૫ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ નિર્દેશ આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**હુકમ ક્રમાંક:પરચ-૧૦૨૦૧૮-૫૦૫૮-લ**
**તા.૦૩.૦૯.૨૦૧૯**

**આમુખ :-**

તા.૨૪.૦૫.૨૦૧૯ના રોજ સુરત ખાતે આગની હોનારતના પરીપ્રેક્ષ્યમાં ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી માટેની પ્રવર્તમાન વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવા માટે અલગ અલગ હેતુઓના અલગ અલગ બાંધકામોમાં લગાવવામાં આવતા હોર્ડીંગ તેમજ જમીન ઉપર લગાવવામાં આવતા હોર્ડીંગના કારણે, આગ લાગવાના બનાવ ન બને તે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :-**

1. રાજ્યમાં કોઇ પણ બાંધકામ ઉપર લગાવવામાં આવતા હોર્ડીંગ વધુ મોટા હોવાના કારણે જ્યારે કોઇ પણ કારણોસર પ્રજ્વલીત થાય તો તે એક માળથી બીજા માળ પર ફેલાય તે રોકવા માટે હોર્ડીંગ્સના માપને નિયંત્રણ કરવું અનિવાર્ય જણાતા :-
   a. તમામ હોર્ડીંગ ફકત લીન્ટલ લેવલ અને ઉપલા માળના ફ્લોર લેવલ સુધીના ભાગમાં જ લગાવી શકાશે. અને,
   b. કોઇ પણ હોર્ડીંગ દીવાલની અથવા જેના પર લગાવવામાં આવેલ હોય તે સપાટીથી ૩૦ સેમી. સુધી બહાર નીકળી શકશે.
2. હયાત હોર્ડીંગના માપમાં ઉપરોકત મુજબ ફેરફાર કરી આ હુકમની તારીખથી ૬૦ દિવસમાં હોર્ડીંગના માપોમાં ફેરફાર કરવાનો રહેશે.
3. ઉપરોકત મુજબની કામગીરી કરવામાં આવેલ નથી તે ધ્યાને આવે તો તેવા કિસ્સાઓમાં જે તે સમુચિત સત્તામંડળ/મહાનગરપાલિકા/ નગરપાલિકા યોગ્ય તે પગલાં લઇ શકશે. જેમાં મહાનગરપાલિકા /નગરપાલિકા નક્કી કરે તે મુજબની પેનલ્ટી પણ વસુલ લઇ શકશે.
4. ડાયરેકટર ઓફ ફાયર, ગુજરાત રાજ્ય તથા સમુચિત સત્તામંડળ/મહાનગરપાલિકા /નગરપાલિકાએ આ હુકમનુ ચુસ્તપણે પાલન થાય તે માટે જાહેરાત કરી અથવા તો માહિતીથી જાહેર જનતા અવગત થાય તે મુજબની તમામ પ્રચાર માટેના સાધનોનો ઉપયોગ કરી આ હુકમની તારીખથી ૩૦ દિવસમાં અચુક કરવાનો રહેશે. સમયાંતરે જાહેરજનતા અવગત રહે તે માટે પુન: પ્રચાર કરવાનો રહેશે.

મહાનગર પાલિકા, ગાંધીનગર
ઇનવર્ડ નંબર : ૧૩૯૨૫
04 SEP 2019
શાખા :

E:\OSD_UDD\Paripatra\Fire Final\FIRE RUEGULATION.docx

Scanned by CamScanner

5. જે તે મહાનગરપાલિકાના કીસ્સામાં ચીફ ફાયર ઓફીસર, નગર પાલિકાના કીસ્સામાં તેના ફાયર સેવાઓ માટેના અધિકૃત અધિકારી અને સત્તામંડળના કિસ્સાઓમાં રીજીયોનલ ફાયર ઓફીસરે તેઓના તાબા હેઠળના વિસ્તાર માટે :-

   a. વિસ્તારોનુ અલગ અલગ વિભાજન કરી તે માટે અલગ અલગ ફાયર સર્વિસ સેવાઓ માટેના અધિકારીઓની નિમણુંક કરવી.

   b. જે તે વિસ્તારમાં આવતી ઇમારતો કે જેને ફાયર સેફટીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાની હોય તે તમામ ઇમારતો/જગ્યાઓનું નિરીક્ષણ કરી દર ૩૦ દીવસે ઉપરોક્ત "a" માં નિમણુંક કરેલ અધિકારીઓએ અહેવાલ તૈયાર કરવાનો રહેશે અને કરેલ વ્યવસ્થામાં કોઇ ખામી જણાય તો તેને સુવ્યવસ્થિત કરવા માટે જે તે સત્તાધિકારીની જાણ હેઠળ સીલ કરવા સહીતની યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

   c. સમયાંતરે મહાનગરપાલિકાના કિસ્સામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ, સત્તામંડળ વિસ્તારો માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ અને નગરપાલિકાના કિસ્સામાં રીજીયોનલ ફાયર ઓફીસરશ્રીએ ફાયર સેફટી માટેના ઉકત પગલાંઓ સંદર્ભે અવલોકન કરવાનું રહશે.

6. પ્રવર્તમાન કોઇ પણ કાયદાથી, નીતિ/ઠરાવ/પરિપત્ર/હુકમથી અથવા કોઇ કરારથી લગાવવામાં અથવા નિયંત્રીત કરવામાં આવેલ હોર્ડિંગ્સ પર સદરહુ હુકમથી નિયંત્રણ લાગુ થશે નહી. પરંતુ, ફાયર સેફટી માટેના દરેક કિસ્સામાં કાળજી રાખવાની રહેશે.

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી અધિનિયમની કલમ-૫૫ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ ઉપરોક્ત હુકમ કરવામાં આવે છે, જે રાજયના તમામ વિસ્તારોને લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.ડી.વાઘેલા)
ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**નકલ રવાના: પ્રતિ,**

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડાયરેકટર ઓફ ફાયર, ગુજરાત રાજય.
- મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, તમામ મહાનગરપાલિકા.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ.


Scanned by CamScanner

- સર્વે કલેક્ટરશ્રીઓ/સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- કમિશ્નર ઓફ મ્યુનિસિપાલિટીઝ, ગાંધીનગર. (તમામ નગરપાલિકાઓને જાણ કરવા માટે)
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત/નાયબ સચિવશ્રી(શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.)
- સર્વે શાખાઓ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.
- લ-શાખા સિલેક્ટ ફાઈલ (૨૦૧૯)
- નાયબ સેકશન અધિકારીશ્રીની ફાઈલ- લ- શાખા (૨૦૧૯)



Scanned by CamScanner

પરિશિષ્ટ-૧

## Self-Declaration

The building having construction of .......... (give details of height and builtup area) on the land bearing R. S. No. / City S. No. / F.P. No.............. and used for............ is inspected by the fire consultant appointed by the owner/ occupier on.............. (Specify date) and is found to be in compliance with Gujarat Fire Prevention and Life Safety Measures Regulations 2016.

Whereas last inspection was done on dated :__________ (shall not be more than 12 months).

Signature of the
(Fire Consultant appointed by the owner / occupier)

Signature
(Name of Owner/Occupier)

Dated:________________



Scanned by CamScanner